સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૬૬૨૫૫

સલામી સવારની..

નેતા હોય કે ધર્મગુરૂ, ભંવરીમાં ફસાય છે,
એને ખુલ્લા પાડનારા મિડિયા પણ હસાય છે!
કસાય છે ગાળીયો કાયદાનો કરે કાકલૂદી -
કોર્ટથી કારાગાર સુધી, પગરખાં ઘસાય છે!

હાઈકુ

બળાત્કારોનો
મચ્યો છે તહેલકો -
પિંખાય મૂલ્યો..
(રોજિંદી ઘટના)

થયાં બેફામ -
- અસામાજિક તત્ત્વો,
ડર કાયદો..
(બીન અસરકારક પગલાં)

ચિંતન

દાક્ષિણ્યં સ્વજને દયા પરજને શાઠ્યં સદા દુર્જને પ્રીતિઃ સાધુજને સ્મયઃ ખલજને વિદ્વજ્જને ચાર્જવમ્ ।
શૌર્યં શત્રુજને ક્ષમા ગુરૂજને નારીજને ધૃષ્ટતા ઇત્થં યે પુરૂષાઃ કલાસુ કુશલાસ્તેષ્વેવલોક સ્થિતિઃ ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :

પોતાના પરિવાર, ભાઇઓ, સ્નેહીઓ, સંબંધીઓ મિત્રો, અડોશ-પડોશ, સાથે એ જ વ્યક્તિ સુખેથી રહી શકે છે જે :

- તેમની સાથે સજ્જનતાપૂર્વક અને નમ્રતાથી વ્યવહાર કરે છે અર્થાત વડીલો પ્રત્યે, માન-આદર અને વિનય-વિવેક સમાન સાથે સ્નેહ અને નાનાં સાથે વાત્સલ્ય સભર પ્રેમ આપી વ્યવહાર કરે,
- દુર્જનો પ્રત્યે તેમને યથોચિત ક્ષમા અને દયાસભર વ્યવહાર કરે,
- સજ્જન સાથે સ્નેહસભર નમ્ર વ્યવહાર રાખે અને દુષ્ટો પ્રત્યે બાહ્ય કઠોરતા દર્શાવી યોગ્ય વ્યવહાર કરે,
- વિદ્વાનો સાથે વિવેકપૂર્ણ-વિનયમુક્ત-આદરણીય વ્યવહાર રાખે,
- શક્તિશાળી લોકો સાથે શુરવીરતા પૂર્ણ પરાક્રમ સભર અને નમ્ર બની રહે -
- માતા-પિતા અને આચાર્ય-ગુરૂજનો પ્રત્યે સહનશીલતા પૂર્ણ-ધીરજ ધરી વિનયપૂર્વક વર્તન કરે -
- સ્ત્રીઓ પર અલિક વિશ્વાસ મૂક્યા વિના તેમના પ્રત્યે ચતુરાઇપૂર્વક સાવધાની ભર્યો સંબંધ રાખે -

આવા વ્યવહાર-વર્તન-આચારથી જ સંસાર-વ્યવહાર સુખરૂપ અને વિના વિપત્તિપૂર્વક ચાલતો રહે છે.

સુવિચાર

- વિંધાઇ ગયેલા હૈયામાંથી ઊતરી આવેલ દર્દના ગાતાં ઝરણા એટલે કવિતા- *એસ.એફ.વાર્ડ*
- ભક્તિ, વિશ્વાસ અને શ્રદ્ધા લઇને ચાલશો તો કોઇ પણ પાપ કે તાપ કે સંતાપ નથી થાય *- સંત રોબિન*
- લોભી માણસ રણપ્રદેશની વેરાન જમીન જેવો છે, જે વરસાદનું પાણી, ઝાકળ બધું જ પી જાય છે પણ બીજાના ઉપયોગ માટે એક તણખલું કે ફળઝાડ પેદા કરતો નથી - *ફ્રાંસિસ બેકન*
- જગતમાં જેણે પણ કંઇક અસાધારણ કરી બતાવ્યું હોય તો તેણે લોકોની નિંદા કે ટીકા સહન કરવા જ પડશે, ઇર્ષાખોર માણસનું છેલ્લામાં છેલ્લું શસ્ત્ર છે નિંદા છે *- માનસ સૂત્ર*
- આંસુને વહી જવા દો, તેનું દમન ભય, ક્રોધ જેવા ભાવો ઉત્પન્ન કરે છે *- આચાર્ય નાગેન્દ્ર સાગરજી*
- જે ઘરમાં માબાપ મહેમાન એ ઘરમાં રાજી નહી રહે ભગવાન *- મોરારિ બાપુ*
- સાચુ સાહસ એક પતંગ જેવું છે, વિરૂદ્ધ દિશાનો પવન તેને ઉપર લઇ જાય છે *- તમિલ કહેવત*

- (સંકલન : દીપક બી આશરા)

બોધ કથા

કચ્છના જાડેજા રાજપૂત લોકો અને રબારી આહિર લોકોની ખૂમારીની 'રામલીલા'થી આપ સૌ વાકેફ છો. કચ્છમાં રાજપુતના લગ્ન પહેલાં 'પીઠી' થઇ જાય પછી બે-ત્રણ 'વરરાજા' પાસે દરબાર ભરાય એમાં કાવા-કસૂંબા-બીડી સિગારની 'ટ્રે' ફરે. એમાં જો વરરાજા કોઇને આગ્રહ કરે તો ધૂમ્રપાન ન કરતો હોય તો પણ 'રાજા'નું સન્માન સાચવવું પડે!

જાદુગર કે.લાલ ચુસ્ત જૈન હતા (કાંતીલાલ) માંસાહાર-બીડી-તમાકુ-ડુંગળી-લસણનો સ્પર્શ પણ કદી ન કરતા.

મુંબઇમાં ફિલ્મી અભિનેતાઓની શ્રી રાજકપૂરે એક પાર્ટી યોજી - બોલીવુડના લગભગ નામી કલાકારો હાજર હતા.

રાજકપૂર તો શોખીન હતા રંગમાં આવી ગયા અને વાત-વાતમાં એક પેગ-જામનો બનાવી કે.લાલને આપ્યો.. કે.લાલ વિનયપૂર્વક કહ્યું રાજસા'બ મૈં શરાબ કો છૂતા તક નહીં.'

રાજસા'બતો રંગમાં જ હતા. ખૂબ આગ્રહ કર્યો વાત હઠાગ્રહ સુધી પહોંચી - કહ્યું 'મારા પિતાજીના સોગંદ કે મારા હાથનો પેગ તો લેવો જ પડશે -!'

કે.લાલ તરફ બધા કલાકારોની નજર હતી - કે.લાલે કહ્યું રાજસા'બ મેં મારી સાતપેઢીના સોગંદ ખાઇ શરાબ ન લેવાનો 'પચ્ચબાણ' (નિયમ) લીધો છે એટલે મારી પ્રતિજ્ઞા મોટી છે.

રાજકપૂર કે.લાલને ભેટી પડ્યા અને કહ્યું હું મારો આગ્રહ છોડી દઉં છું. આપને ધન્યવાદ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

નિકોબારની ચારેબાજુ દરિયો છલકાય છે, પણ નિકોબારમાં છલકાય છે નકરી લીલીછમ્મ હરિયાળી, પારાદર્શક પાણી અને સુંદર મજાના કિનારાઓને અથડાતા મોજાઓ આ દૃશ્યો ખરેખર વિરલ છે

કાર-નિકોબારના ઉત્તર ભાગે મુસબીય આવેલો છે . જે આખો એક ગોળાકાર ભાગ બનીને નિકોબારના મુખ જેવો નીરીંગ પોઇન્ટ છે.

મુસબીય પહોંચ્યા સામે દૂર સુધી નજર કરી તો પાણી જ પાણી સમુદ્રના મોજાં અમને આવકારવા સામે આવતાં હોય તેવું લાગ્યું.

અહીં શું જોવાનું હશે? મીનાના મનમાં પ્રશ્ન ઘુમરાતો હતો. અમે સૌ બીય તરફ આગળ વધ્યા ને જોયું તો 'અહાહા...' કુદરતીની સુંદરતાનો અદ્‌ભૂત ખજાનો તો અહિંયા જ છે.' એવા ઉદ્‌ગારો નીકળી ગયા.

કિનારે કિનારે સુંદર મજાની પત્થરની આકૃતિઓ આકારો જોવા મળ્યા.

દરિયો પણ કેવો છે? કેવા સુંદર સુંદર આકારો તેણે બનાવ્યા છે? સુંદર મજાનાં છીપલાં, કેટલીક વિરલ કલાકૃતિઓ! અને તે પણ જુદા જુદા રંગમાં જોવા મળે. કોઇ કલાકાર જિંદગીભર મથે તો પણ આ થઇ ન શકે. આ તો દરિયો જ કરી શકે.

આ મુસબીયને વિકસાવવાનો સરકાર દ્વારા સારો પ્રયાસ થયો છે. તેના પ્લાન મુજબ ત્યાં કિનારે મોટી મોટી શિલાઓ હતી. અંદર અને બહાર પણ ત્યાં પણ અનેક પ્રકારની કલાકૃતિઓ જોવા મળી. આ અકળ હાથોએ ઘડેલી કલાકૃતિઓ જોઇને અમે સૌ આનંદવિભોર બની ગયાં. આ સ્મૃતિને કાયમ રાખવા કોઇ પોતાના મોબાઇલથી તો કોઇ કેમેરાથી ક્લીક કરતા હતા. બાળકો તો નાનાં રંગબેરંગી છીપલાંને બીજી કલાકૃતિઓને વીણીને ભેગા કરી સાથે લઇ જવા તૈયાર હતા. પણ વજન વધવાની શક્યતાને લઇ મનગમતી ચીજોને પણ છોડવી પડતી હતી. મેં તો કહ્યું કે જો આપણે અહીંથી આ લઇ જઇશું અને આપણા જેવા બીજા પ્રવાસીઓ પણ એવું કરે તો અહીં જોવા લાયક રહેશે શું? તેની સુંદરતાને માણો, ફોટા પાડો એ સ્મૃતિઓ આપણી સાથે કાયમ રહેશે. કુદરતની બધી સુંદરતા પર પોતાનું આધિપત્ય જમાવવામાં જ માનવ જાતે કેટલું ગુમાવ્યું છે. હવે બધું ગુમાવવું ન જોઇએ.

સામે નોરિયેળની લારી દેખાઇ એટલે સૌ એ તરફ વળ્યાં. નારિયેળ પાણી પીધું. દરિયાના મોજાં જાણે કે અમને ટગર ટગર તાકી રહ્યા હતા. ક્યાંક વળી ખડકોને ટકરાઇને ઊંચા ઉછળી અમને જોઇ લેતાં હોય તેવું લાગતું હતું.

મુસબીયથી અમે સીધાં જ ઉપડ્યાં ટી-ટોપ ઝેટ્ટી (Tee Top Jetty) આ જેટીથી પોર્ટબ્લેર, મદ્રાસ તથા કલકત્તા સાથેનો લોન્સ કે વહાણ સાથેનો વ્યવહાર ચાલે છે. ૧૮ કલાકનો રસ્તો કાપી નાના-મોટાં વહાણો પોર્ટબ્લેરથી આવજા કરે છે.

અહીંથી અમારે મલાક્કા જવાનું છે. ત્યાં શક્તિએ જમવાની વ્યવસ્થા કરી છે તેવું જાણવા મળ્યું. મલાક્કા નિકોબારનું મુખ્ય મથક છે. નિકોબાર જિલ્લો છે. તેમાં કુલ ૧૫ ગામ આવેલાં છે. મલાક્કા, પરકા, તમાલો, કિન્યોકા, યુકયુકિયા, તપોયમીંજ, જયંતી, ઇસમોલાપાતી, કિનમાય, મુસ, ટી પોય, સવાઇ, અરોન્ગ, કિમીયુલ અને કડાના.

બે તાલુકા છે કાર-નિકોબાર અને નાન કોરી આ કાર-નિકોબાર છે. 'કાર' એટલે સપાટ મેદાન જેવું. આ આખો ટાપુ મોટા ભાગે સપાટ જેવો છે. એમાંય ચઢાવ ઉતાર છે પણ બીજા ટાપુઓની સરખામણીમાં ઘણો જ સપાટ છે. એટલે એને કાર - નિકોબાર તરીકે ઓળખવામાં આવે છે.

અહિંના લોકો અને આંદામાનના લોકો વચ્ચે ફરક જોવા મળે છે. આંદામાનના લોકો પ્રમાણમાં ઘણા કાળા છે. જ્યારે અહીં પ્રમાણમાં ગોરા છે.

નિકોબારની ચારેબાજુ દરિયો છલકાય છે, પણ નિકોબારમાં છલકાય છે નકરી લીલીછમ્મ હરિયાળી. પારાદર્શક પાણી અને સુંદર મજાના કિનારાઓને અથડાતા મોજાઓ આ દૃશ્યો ખરેખર વિરલ છે.

નિકોબારની લીલાશ અને આંદામાનની લીલાશ વચ્ચે પણ ફરક જોવા મળે છે. અહીંની લીલાશમાં એકદમ ઊંડીને આંખે વળગે એવી તાજગી છે. કોઇ નવયૌવનાના ગાલની લીલાશ ચમકે એવી અહીં નિકોબારમાં લીલાશ ચમકે છે. આ લીલાશ ગાઢ અને સર્વત્ર ચળકાટવાળી છે.

કાર નિકોબારની દક્ષિણે નજીકમાં કેટલાક ટાપુઓ આવેલા છે. યૌરા, ટેરેસા, કમોત્રા, તિલ્લાચંગ, ચેમ્પિયન બ્રિનકેટ, કચાલ તથા ૧૪૫ કિ.મી.ના અંતરે આવેલ નાનકોરી હર્બલ ત્યાંથી સોમ્ઝેરી ચેનલ પછી નાનું નિકોબાર અને પછી ગ્રેટ નિકોબાર એટલે કે ભારતનો છેડો કેમ્પલ બે આવે છે. આ કેમ્બલે બે નું નામ 'ઇન્દિરા પોઇન્ટ' આપવામાં આવ્યું છે.

જે ગ્રેટ નિકોબાર છે ત્યાં નિકોબારી, શોમ્પેઇન,દોરો વિગેરે જાતીઓ રહે છે. આ જાતિ પોતાના નક્કી કરેલા ક્ષેત્રની સીમાઓમાં જ રહે છે. અને તે ભાગ્યે જ એમાંથી બહાર જાય છે. તે મુખ્ય બે વિભાગમાં જોવા મળે છે. ગ્રેટ નિકોબાર ટાપુના પશ્ચિત કિનારે અને બીજી પૂર્વ કિનારે રહે છે. તેઓ મોટા ભાગે ગાઢ જંગલોમાં રહે છે. પરંતુ ક્યારેક ક્યારેક રોટ નિકોબારના મુખ્યાલય કેમ્પબેલ - બે આવી સરકારી મદદ મેળવે છે. શૈમ્પેન આદિવાસીઓ રંગે રૂપે સુમાત્રા, મલાયા ટાપુના આદિવાસીઓ જેવા લાગે છે. તે શરમાળ, ડરપોક અને અંતમુર્ખી છે. તેથી જંગલના અંદરના ભાગમાં જ રહે છે. તેઓ મૂળ-કંદ કે ફળફળાદિ અને શિકાર કરે છે. તેમની વિવિધ પેટા જ્ઞાનિઓ પણ છે. એમની જીવન રીતી પ્રાગૈતિહાસિક કાળની છે અને ભટકતા હોવાને કારણે કામચલાઉ ઝુંપડા જ્યાં ત્યાં થાંભલા ઉપર ત્રણચાર ફૂટ ઊંચે ઊભાં કરે છે. જો કે કેટલીક જગ્યાએ કાયમી સ્વરૂપની ઝુંપડીઓ છે તે વૃક્ષો ઉપર માળા બનાવે એ રીતની છે.

નિકોબારીઝ એમના ટાપુને 'શામબેપ' Sham bap તરીકે ઓળખે છે. એમની ભાષામાં તેનો અર્થ 'અરણ્ય વાસી' એવો થાય છે. 'શોમ્પેન' શબ્દ અંગ્રેજીમાં 'શામબેટા'ના વિકૃત ઉચ્ચારણોના કારણે બન્યો હોય તેવું લાગે છે. આ જાતિ મલેશિયાની જાતિનાં વંશજોના છેલ્લા અવશેષરૂપ છે. કાળી ચામડી, ગુચ્છાવાળા વાંકડીયા વાળ, અને શરીરના બીજા અવયવોની સામ્યતા દક્ષિણના આદિવાસીઓનો સંબંધ દર્શાવે છે. કેટલાક વિદ્વાનો એમને દ્રવિડિયન તો કેટલાંક મોંગોલાઇડ કુળના માને છે. એમનું જીવન આદિમ યુગના જેવું ભટકતું જ છે. એમની કોઇ ટોળી-ટોળાંની વસાહત બની શકી નથી. શોમ્પેન સમસ્યા રૂપ છે. કારણ કે સામાજિક, ભાષાકીય અને જાતિય રીતે આ જાતિ બીજી અન્ય જાતિ કરતાં એકદમ ભિન્ન છે. અને વિવિધ પ્રકારનાં લક્ષણો ધરાવે છે. હજુ સુધી આ લોકો નિગ્રેઇટ કે નિગ્રીટ જાતિના છે તે નક્કી થઇ શકતું નથી.

એમનું મૂળભૂત એકમ કુટુંબ છે. કુટુંબમાં પતિ પત્ની અને બાળકોનો સમાવેશ થાય છે. જેવો પુત્ર કે પુત્રી પરણી જાય તે તરત જ જુદી ટોળીમાં જતા રહે છે. એમનામાં બહુ પત્નીત્વ જોવા મળે છે. પણ એ બધાંના સંતાનો એક ઝુંપડીમાં સામુહિક રીતે જ જીવે છે. સ્ત્રી-પુરૂષના પક્ષે પુનઃલગ્ન થઇ શકે છે. કુટુંબનો વડો સમગ્ર આર્થિક - સામાજિક રીતિ-નીતિનો વડો છે. સ્ત્રી મુક્ત મને સિમીત ક્ષેત્રની બહાર જઇ શકતી નથી. વૃદ્ધોની કોઇ દરકાર રાખતું નથી.

આ લોકો માછીમારીમાં ખુબ નિપુર્ણ છે. હાર્પુનથી માછલીઓ મારે છે. એમની માલ મિલકતમાં કમરે ઢાંકવાના કપડાં, શિકારના સાધનો અને દરિયા કિનારેથી વીણી લાવેલા કાચ વગેરેનાં સાધનો જોવા મળે છે. એમના તરાપા લાંબા હોય છે. મધ અને ફળના વિનિમયથી અન્ય જરૂરી વસ્તુઓ મેળવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

બાળકો ખૂબ સર્જનશીલ હોય છે, તમારી કલ્પનામાં પણ ન આવે એવી અવનવી રમતો એ શોધી કાઢતાં હોય છે ને એમાંથી અવર્ણનીય આનંદ મેળવી લેતાં હોય છે, એમને એવી મોકળાશ આપો

ક્યાં છે બાળક?

- હર્ષદ પ્ર. શાહ

એક વાર ડો. ઝાકીર હુસેન પાસે કોઇ આવ્યું - બાળકને લઇને એમની સંસ્થામાં તેને પ્રવેશ અપાવવા માટે.

'બોલો શું કામ છે?'

'ક્યાં છે બાળક?'

'આ રહ્યું.'

'આ બાળક ક્યાં છે? દસ મિનિટથી હું જોઉં છું કે જેમનું તેમ ઊભું છે! કાગળિયા કે પેપરવેઇટને અકડ્યું જ નહીં!'

બાળકના પિતા અને ડો. ઝાકીર હુસેનનો આ સંવાદ સૂચક છે. બાળક આટલું બધું ગંભીર કે શિસ્તના બંધનમાં જકડાયેલું હોય?

એ તો પતંગિયાની જેમ ઊડતું હોય!

ચંચળ હરણની જેમ ઊછળતું ને કૂદતું હોય!

પક્ષીની જેમ કલરવ કરતું હોય!

પણ, અત્યારે આવું દેખાતું નથી.

બાળક અકાળે એનું બાળપણ ગુમાવતું ચાલ્યું.

બાળક જરૂર કરતાં જલ્દી મોટો થવા લાગ્યો.

જે બાબતોની.... દુનિયાદારીની સમજણ થોડી મોડી આવે તો ચાલે, એવી સમજણ જરૂર કરતાં વહેલી આવવા લાગી. કદાચ આવી બધી દુર્ઘટનાઓ માટે જવાબદાર બાળક નથી, આપણે છી. આપણને કવેળાએ બાળકના બુદ્ધિવિકાસની ઉતાવળ છે. બાળકના બાળપણનો સમય ચિત્તવિકા, ભાવનાત્મક વિકાસ અને ચારિત્રિક વિકાસ કરવાનો શ્રેષ્ઠ સમય છે. પણ એ બધું કરવાને બદલે આપણે બુદ્ધિવિકાસને અને પુસ્તકિયા જ્ઞાનને અત્યધિક મહત્ત્વ આપી દઇએ છીએ.

જૈન મુનિ ઉદયવલ્લભવિજયજી મહારાજ આ બાબતમાં કહે છે, 'Heart of the Education is the education of Heart !' બાળકની બુદ્ધિના વિકાસ કરતાં તેના મનની માવજત વધુ અગત્યની બાબત છે, એવી સાદી સમજણ પણ ન આપી શકે તે શિક્ષણ પદ્ધતિનું પડીકું વાળી દેવું જોઇએ.

પોતાના બાળકને ઉતાવળે હોંશિયાર બનાવી દેવો, ડિગ્રીધારી પંડિત બનાવી દેવો એવી વાલીઓની ઘેલછાનું ઘોડાપુર આવી રહ્યું છે. ઉત્તરાખંડની ગંગા, અલકનંદા, ભાગીરથી અને જાહ્નવીમાં તાજેતરમાં આવેલા પ્રલયંકારી પૂરમાં અનેક તણાઇ મર્યા ને દટાઇ મર્યા એમ આવી ઘેલછામાં પૂરનાં અનેક બાળકોના ભાવિની મહાનતા દટાઇ જશે ને વળી ક્યારેક રાખ બનીને પ્રગટશે એવી ભીતિ છે.

આવી હોનારત ન સર્જાય તે માટે શું કરીશું? પ્રિય વાલી મિત્રોને હું માત્ર બે શબ્દોની વાત કહેવા માંગુ છું.

- ખૂલો અને ખીલો....

તમે જાતે ખૂલો અને ખૂલો... અને બાળકને પણ ખૂલવા દો અને ખીલવા દો. વિકાસની આથી બીજી સારી અવધારણા ન હોઇ શકે.

જે બાળકો આપણને અત્યારે તોફાની અને અનુશાસનહીન લાગે છે, એ બાળકોના મનપ્રદેશમાં કોઇ વિશિષ્ટ શક્તિનું બીજ ઘરબાઇને પડ્યું હોય એવું બને!

બે ઉદાહરણોથી હું આ વાત સમજાવવાનો પ્રયત્ન કરીશ -

એક શિક્ષકે કહ્યું, "તમને હવે એટલું તો સમજાયું ને કે તમે 'કંઇક' માંથી થોડુંક કઇક' લઇ લો એટલે પછી 'થોડુંક કંઇક' ઘટે? - હવે આમાં સમજફેર ન થવી જોઇએ."

એક વિદ્યાર્થીએ કહ્યું, 'પણ સર, એક લાકડીના બે છેડા વઇશે એવું કેમ બની શકે? એના બેય છેડા કાપી નાખો તોય છેડા તો બેના બે જ બાકી રહેને?'

આ વિદ્યાર્થીનું નામ હતું : આલ્બર્ટ આઇન્સ્ટાઇન!

બીજું ઉદાહરણ જોઇએ -

એક સ્કૂલમાં એક શિક્ષક નાના વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછી રહ્યાં હતા, 'સમજો કે તમારા વાડામાં દસ ઘેટા પૂરેલાં છે. તેમાંથી એક ઘેટું વાડા ઉપરથી છલાંગ લગાવીને નીકળી જાય તો અંદર કેટલા ઘેટા બાકી રહેશે?

આ પ્રશ્ન સાંભળી એક છોકરો જોરજોરથી હાથ હલાવવા મંડ્યો. સામાન્ય રીતે તે કદી હાથ હલાવતો નહોતો. શિક્ષકને પણ આશ્ચર્ય થયું. તેમણે કહ્યું, 'તું તો ક્યારેક કોઇ પ્રશ્નનો જવાહ દેતો નથી? તો આ પ્રશ્નનો જવાબ દે.' છોકરાએ કહ્યું, 'તમે પ્રશ્નો જ એવા પૂછો છો કે જેનો મને કોઇ અનુભવ ન હોય. આ પ્રશ્નનો મને અનુભવ છે. એક પણ ઘેટું વાડામાં બાકી રહેશેન નહીં.'

શિક્ષકે કહ્યું, 'તારામાં જરા પણ અક્કલ નથી. મારો પ્રશ્ન યાદ કર.'

તે બાળકે કહ્યું, 'મેં સમજીને ઉત્તર આપ્યો છે. આપને ગણિતનો અનુભવ હશે પણ મને ઘેટાંનો અનુભવ છે. વળી ગણિતના હિસાબમાં જે ખરૂં હોય તે જિંદગીના હિસાબમાં પણ ખરૂં હોય તે જરૂરી થોડું જ છે? જો એક ઘેટું નીકળે તો બાકીનાં નવ ઘેટા તેની પાછળ પાછળ જશે. ઘેટાં તો એકબીજાની પાછળ પાછળ જ ચાલતાં હોય છે!'

રજનીશનાં પ્રવચનોમાંથી આ દૃષ્ટાંત લીધું છે.

વાલી મિત્રોની મારી વિનંતી છે કે -

- તમારા બાળકો સાથે ચેતનવંતો સંવાદ કરતા રહો
- તેમની નાની - નાની હરકતોમાંથી બિરદાવવા જેવું કંઇક શોધી કાઢો.
- બાળકો ખૂબ સર્જનશીલ હોય છે. તમારી કલ્પનામાં પણ ન આવે એવી અવનવી રમતો એ શોધી કાઢતાં હોય છે ને એમાંથી અવર્ણનીય આનંદ મેળવી લેતાં હોય છે. એમને એવી મોકળાશ આપો.
- એમનાં નાજુક મનમાં ઉદ્‌ભવેલા વિચારોને આવકારો.
- એમના બાલજગતના સાથીદારો-મિત્રોને હુંફાળો આવકાર આપો.
- કોઇ પણ કામ વિના, ભણવાની કોઇ પણ વાત કર્યા વિના દિવસમાં ગમે ત્યારે એની સાથે ગપ્પાં મારવાનો સમય કાઢો. હસી-મજાક કરો. એની સાથે મૈત્રી સ્થાપિત કરો. થોડીવાર માટે તમે એની સાથે એના જેવા નાના થઇને રમો. તમે આવું કરતાં કરતાં ફાળવેલો સમય એ તમારા અને બાળક વચ્ચેનો Quality Time હશે, જે જીવનભરનો સેતુ બની રહેશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રતિક્રિયાની ક્રિયાને થોડી વાર થંભાવી દો....

બોધ કથા

સંકલન : જયંતિભાઈ પટેલ
સંપાદન : અમર પંડિત

મહાદેવ ગોવિંદ રાનડેની વિખ્યાત ન્યાયમૂર્તિ તરીકેની ઘણી મોટી નામના હતી. એમનો નિર્ણય મહત્વનો ગણાતો અને નિષ્પક્ષપાત ન્યાયમૂર્તિ તરીકે સહુ કોઇ એમને આદર આપતા હતા.

એક દિવસ રોજના ક્રમ પ્રમાણે અદાલતનું કામ પુરૂ કરીને ઘેર પાછા ફર્યા. રોજનો એવો રિવાજ કે તેઓ ઘરમાં આવે ત્યારે નોકર ગરમ પાણીથી એમનાં પગ ધૂએ.

એ દિવસે પણ નોકરે એમના પગ ધોવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ ગરમ પાણીમાં ઠંડું પાણી ઉમેરવાનું ભૂલી ગયો.

એણે ન્યાયમૂર્તિ રાનડેના પગ પર ઊકળતા પાણીની ધાર કરી. પાણી ગરમ લાગાતં રાનડેએ સહેજ પગ આઘો ખસેડી લીધો. પણ એમની એટલી વારમાં તો પડેલાં ગરમ પાણીને કારણે એમની ચામડી તતડી ગઇ.

નોકરને એની ભૂલ સમજાઇ ગઇ. એ થરથર ધ્રૂજવા લાગ્યો. પોતાના માલિક શી સજા કરશે. એની કલ્પના કરવા લાગ્યો.

પણ રાનડે ન ગુસ્સે થયા ન ત્રાડ પાડી, સહેજે ક્રોધ કર્યા વગર ખૂબ શાંતિથી નોકરને કહ્યું.

અરે આટલું બધું ગરમ પાણી પગ પર રેડાય ખરૂં? એમાં ઠંડુ પાણી ઉમેરવું જોઇએ...

ભયભીત નોકરે કહ્યું. સાહેબ મારાથી ભૂલ થઇ ગઇ. આજે ઠંડુ પાણી ઉમેરવાનું ભૂલી ગયો.

તત્કાળ પ્રતિક્રિયા કે પ્રત્યાઘાત ઘણા કલહ, કંકાસ અને કેટલીય લડાઈઓનું મૂળ છે, મનની થોડીક સમતુલા જીવનને ઘણી અસમતોલનામાંથી ઉગારી છે

ન્યાયમૂર્તિ રાનડેએ કહ્યું ભલે તું આજે ભૂલી ગયો પણ હવેથી ધ્યાન રાખજે. ઠંડુ પાણી ઉમેરવાનું ભૂલતો નહીં.

અને પછી શાંતિથી ન્યાયમૂર્તિ રાનડે પોતાના ખંડમાં ગયા.

હકીકત એ છે કે ન્યાયમૂર્તિ રાનડેએ ક્રોધ પર વિજય મેળવ્યો હતો. જીવનની સારી પરિસ્થિતિમાં તો ઠીક પરંતુ નઠારી પરિસ્થિતમાં તેઓ સંયમ અને સ્વસ્થતા ધારણ કરી શકતા હતા.

જીવનના મોટા ભાગના પ્રશ્નો આઘાત-પ્રત્યાઘાત, ક્રિયા-પ્રતિક્રિયામાંથી સર્જાતો હોય છે. કોઇ કંઇ બોલે અને તે બોલવાનું પૂરૂં કરે ત્યાં જ વળતો ઉત્તર આપવાની આદતમાંથી પ્રશ્નો સર્જાતા હોય છે.

માનવીની બોલ બોલ કરવાની આદત વાણીને મનથી જુદો પાડી દે છે. તેથી એની વાણીમાં વજન રહેતું નથી. પણ વ્યર્થતા આવે છે.

તત્કાળ પ્રતિક્રિયા કે પ્રત્યાઘાત ઘણા કલહ, કંકાસ અને કેટલીય લડાઇઓનું મૂળ છે. મનની થોડીક સમતુલા જીવનને ઘણી અસમતોલનામાંથી ઉગારી છે.

● કોના માટે રડવું કે હસવું?

શેઠને ઘર પનોતા પુત્રનાં પારણાં બંધાયા. શી ઘણી વાત! રમવાની જમવાની અનેક સગવડો ઊભી થઇ. દીકરો દીવસે ન વધે એટલો રાત્રે વધે. ભણવા-ગણવામાં કમી ના રહી. ઉંમર લાયક થતાં સુશીલ કન્યારત્ન સાંપડ્યું. યુવકે પિતાનો ધંધો સ્વીકાર્યો. ધન-ધંધા માટે કંઇ પ્રયુક્તિઓ લડાવી અને સાહસો ખેડ્યાં. જાત જાતની અનીતિઓ આચરી. બધું ચતુરાઇમાં ગણાયું... હવે પિતાની ઓથ ગઇ. આધેડ પુત્રનો સ્વેચ્છાચાર વધ્યો. જતે દિવસે તે રોગથી ઘેરાયો. ઓચિંતા જ હાર્ટ ફેઇલ થઇ ગયું. બધી જ હોંશિયારી, મોટરો, સગાં અહીં જ રહી ગયા!

મોટી બેબીને ઘેર નાની બેબી આવી. હસતી રમતી મોટી થઇ, ભણી ઘણી ચબરાક બની. રૂપરૂપનો અંબાર! કઇ પતંગિયા ઊડવા લાગ્યા. ઢીંગલા-ઢીંગલીનો ખેલ માંડ્યો. તેમને ઘેર પણ ઢીંગલા આવ્યા. લોકો કહે ધન્ય જીવન થોડા વખત પછી ગુલાબી ગાલ કરમાયા, શરીર પર કચરલીઓ પડી. વાળ ધોળા થયા. ખોં-ખોં-ખોં અને હાયકારો, જેટલા ભોગ ભોગવ્યા હતા, તેટલા રોગ ઊપસી આવ્યા! જેટલું બેઠઆડું જીવન હતું તેટલી માંદગી આવી પડી. એક દિવસ જનાજો નીકળ્યો અને પેલો નયન-કમળ બનીને પંચભૂતમાં મળી ગયા.

આવો છે કુદરતી ક્રમ તેમાં કોને માટે રડવું? કે શાને માટે હસવું...?

- સાચો મિત્ર તો એ છે કે જે દુઃખમાં વગર આમંત્રમે આવીને ઊભો રહે છે.
- જીવનમાં શ્રમ સાચો આનંદ આપે છે. સાચું સુખ આપે છે, ને પવિત્ર જીવન આપે છે.